# *શ્રી સારસ્વતમ સંચાલિત બાડાહાઇસ્કૂલ*

છાયામન્યસ્ય કુર્વન્તિ તિષ્ઠન્તિ સ્વયમાતપે ।

फलान्यपि परार्थाय वृक्षाः सत्पुरषा ईव ॥

એ બીજાને છાયો આપેછે અને પોતે તળકામા ઉભા રહેછે

ફળ પંણ બીજા માટે આપેછે, સાચે જ વૃક્ષ સતપુરુષસમાનછે.

અમારી શાળા શ્રી સારસ્વતમ સંચાલિત બાડા હાઇસ્કૂલમા વૃક્ષારોપણ અભિયાન અંતર્ગત કુલ ૧૦૦ રોપા રોપવામા આવ્યા.જેમા દરેક છોડ વિધાર્થીઓને દતક આપવામા આવ્યા .શાળા પરિવાર અને વિધાર્થીઓએ ઉપરોક્ત અભિયાનમા ઉમંગભેર ભાગ લીધો. શાળાની અંદર ફૂલ-છોડ જેવા કે બોગનવેલ, કરેણ,જાસુદ,તેમજ લીમડો,પિપળો, વડ, સરગવો વગેરે જુદાજુદા રોપા રોપવામા આવ્યા. ટપક સિંચાઇ પધ્ધતિથી છોડને પાણી મળી રહે તે રીતે શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા કરવામા આવી. છોડના રક્ષણ માટે ટ્રી ગાર્ડ માટે દાતાશ્રી સાથે ટેલિફોનિક ચર્ચા કરવામા આવીછે. ટૂંક સમયમા ટ્રી ગાર્ડ માટે દાતાશ્રી દ્વારા ભેટ આપવામા આવશે.

અમારી શાળામા સત્રની શરુઆતમા જ વિધાર્થીઓની અલગ અલગ ટૂકળીઓ પાળવામા આવેછે જેમા સફાઇમંત્રી, રમત-ગમત મંત્રી, સાંસ્કૃતિક મંત્રી, બાગાયત મંત્રીની શિક્ષકોના માર્ગદર્શન હેઠળ નિમણૂક કરવામા આવેછે. જેમા બાગાયત મંત્રી અને અન્ય સભ્યો વૃક્ષારોપણની અને તેના રક્ષણની જવાબદારી સ્વીકારે છે અને જુદાજુદા છોડને યોગ્ય ન્યાય મળી રહેછે.

શાળા ઉપરાંત ગામમા આવેલ મૈત્રીધામ વેલફેર સોસાયટીમા પણ કુલ ૪૦ રોપા રોપવામા આવ્યા. જેમા વધુ પડતા લીમડા રોપવામા આવ્યા . દાતાશ્રી સુરેશભાઇ વિસરિયા દ્વારા રુ ૨૮૦૦૦/- જેટલી રકમ વૃક્ષો માટે આપવામા આવી જેમા ૫ થી ૬ ફૂટના લીમડા પીપરી ગામના ફાર્મ થી લાવવામા આવ્યા. તેના રક્ષણ કાજ દરેક રોપાને ટ્રી ગાર્ડ લગાડવામા આવ્યા. પાણી આપવાની વ્યવસ્થા કરવામા આવી .

શાળા અને મૈત્રીધામ પરિસર મળીને કુલ ૧૭૦ જેટલા રોપા રોપવામા આવ્યા. હજુપણ દાતાશ્રીના સહયોગથી વધુ વૃક્ષો વાવવાનુ આયોજન છે. શાળા અને મૈત્રીધામ વેલફેર સોસાયટીમા રોપવામા આવેલ રોપાના ફોટોગ્રાફની ઝલક સામેલ છે.



હરિયાળી વાવો સમૃદ્ધિ પામો



વૃક્ષ, પાણી અને હવા જીવન જીવવાની ઉતમ દવા

z



વૃક્ષ વિના ધરતી ઉજ્જળ લાગેછે



લીલુછમ થઇ વરસાદ માં ડોલે છે આજે ભીંજાતું ઝાળવું બોલેછે .

***SHREE SARASWATAM SANCHALIT BADA HIGHSCHOOL***



વૃક્ષ અપલોડ કરી જોવો વાદળોનું ટોળું આવશે લાઈક કરવા માટે



વૃક્ષ ને પણ નિંદર નાં આવે જ્યાં સુધી છેલ્લું પક્ષી માળામાં પાછું નાં આવે

આચાર્ય
શ્રી સારસ્વતમ્ સંચાલિત બાડા હાઈસ્કૂલ
બાડા, તા. માંડવી-કચ્છ